RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-02
February-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# ગુજરાતી વિષય અંતર્ગત પસંદિત એકમો માટે પ્રવૃત્તિ આધારિત કાવ્ય અધ્યાપનના કાર્યક્રમની અસરકારકતા

[1]શ્રીમતિ. દિવ્યા રાણા અને [2]ડો.ચિરાગ દરજી

[1]સંશોધક

[2]માર્ગદર્શક, વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન, જી.સેટ. એંજિનયરિંગ કોલેજની બાજુમાં વલ્લભ વિદ્યાનગર

## પ્રસ્તાવના

વર્ગમાં કવિતા શીખવવાનું કામ મુશ્કેલ હોય છે. કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર સાથેના કાવ્ય-સાર, કાવ્યની વિગતોને સમાવી લે છે. ગધ એ ઉપરાંત અઘરા શબ્દાર્થો, સમાસ જેવા વ્યાકરણ ઘરણા અલંકાર વગેરે શ્રેણીબદ્ધ પ્રચલિત પદ્ધતિથી શિક્ષક ટેવાઇ ગયો હોય ત્યારે કાવ્યનું શિક્ષણ ખરેખર મુશ્કેલ અને મુંઝવનારું બને છે.

શિક્ષક પોતાની કુશળતાથી કાવ્યના સૌંદર્યને એની સાથે ખોલે, કાવ્યના કાળજીપૂર્વકના પૃથક્કરણથી નમૂનાના કાવ્યના આધારે કાવ્ય-પદાર્થનો પરિચય કરાવે-એ બધું અગત્યતા ધરાવે છે. પ્રાથમિક શિક્ષણ પામીને માધ્યમિક શાળામાં પ્રવેશતો વિધાર્થી કાવ્યના કેટલાક સંસ્કાર લઇને આવ્યો હોય છે, જેમાં ગીત, લોણી, મધ્યકાલીન ભકિતકાવ્યોનું વિશેષ પ્રદાન છે. શિક્ષક કોઇ એક કાવ્ય લઇને ભણાવવાનું શરૂ કરે એ પૂર્વે થોડાક તાસ સુધી કવિતા વિધાન એક ભૂમિકા. કવિતાનો એક પિંડ વિદ્યાર્થીના મનમાં રચાય.

જુદા-જુદા વિષય અને કાવ્યોની પંકિતઓના ઉદાહરણની મદદથી કવિતાનો ઘાટ આકાર લેતો જાય એ રીતે શિક્ષક આગળ વધે. જેમ માટીના લોંદામાંથી ચાકડાના વેગ અને કારીગરની આંગળીઓથી રચાતો ઘડો જોવાનો કુતૂહલજન્ય આનંદ બાળકને થાય છે તેમજ બાળક કવિતામાં જીવંત રસ લેતો થાય એવી રુચિ કવિતાના આનંદને ઓળખતી થાય એ માટે શિક્ષકે પૂર્વભૂમિકા રચવી જરૂરી છે.

## અભ્યાસનું મહત્વ

કોઇ પણ અભ્યાસ પોતાની રીતે એક આગવી અગત્યતા ધરાવતો હોય છે. કાવ્ય અધ્યાપન દ્વારા શબ્દોનું મહત્વ જાણી શકાય તેમજ કવિએ શબ્દો, અલંકાર કે અન્ય કઇ બાબતો દ્વારા કેવી રીતે ચમત્કૃતિ સર્જી છે એનું વ્યાકરણલક્ષી જ્ઞાન મળે છે.

આ અભ્યાસ દ્વારા કાવ્યમાં આવતા ભાવ, વિચાર, પ્રસંગ વગેરે ચોકકસ છાપ ઉભી કરી શકાય છે. શબ્દ અભિધા, લક્ષણો અને વ્યંજનાશકિતનો ખ્યાલ આવે છે. કાવ્યશૈલીનો પરિચય થાય છે.

કાવ્ય અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓને જનમનરંજક મળે છે તેમજ વિદ્યાર્થીને શિક્ષણમાં વધુ રસ પ્રદાન કરી શકાય છે.

આ અભ્યાસનું મહત્વ એ છે કે વિદ્યાર્થી કાવ્યનું ગાન કરીને કાવ્ય પંકિતઓને વધુ સારી રીતે સમજી શકે છે. એથીય વિશેષ કાવ્યપઠન દ્વારા એનું ભાવજગત પણ સમૃદ્ધ કરી શકે છે.

## સંશોધનના હેતુઓ

- ગુજરાતી વિષય માટે પ્રવૃત્તિ આધારિત કાવ્ય અધ્યાપનના કાર્યક્રમની રચના કરવી.
- ગુજરાતી વિષય માટે પ્રવૃત્તિ આધારિત કાવ્ય અધ્યાપનના કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ કરવો.
- ગુજરાતી વિષય માટે પ્રવૃત્તિ આધારિત કાવ્ય અધ્યાપનના સંદર્ભમાં વિદ્યાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓના જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

### અભ્યાસના ચલો :

સંશોધન સમસ્યામાં આવરાયેલા ચલોને ઓળખવા અને તેમને વ્યવહારિક વ્યાખ્યાચિત કરવા એ સંશોધન પ્રક્રિયાનું અગત્યનું સોપાન છે. આ માટે ચલ એન તેના પ્રકારોની સમજ મેળવવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલો | ચલોના પ્રકાર | કક્ષા |
|---|---|---|---|
| ૧ | જાતિ | સ્વતંત્ર | છોકરાઓ<br>છોકરીઓ |
| ૨ | વિસ્તાર | | શહેરી<br>ગ્રામ્ય |
| ૩ | કાવ્ય અધ્યાપન કાર્યક્રમ | પરતંત્ર ચલ | - |
| ૪ | પસંદિત એકમ | નિયંત્રિત ચલ | - |

RRIJM 2015, All Rights Reserved

## ઉતકલ્પનાઓ

$Ho_1$ ગુજરાતી વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઇ સાર્થક તફાવત નહીં હોય.

- અભ્યાસના પ્રશ્નો :

  સંશોધનના પ્રશ્નો શું છે ?

  ૧. પ્રવૃત્તિ આધારિત અધ્યયન શું કાવ્યના અધ્યયન માટે ઉપયોગી
  
  ૨. વિદ્યાર્થીઓને કઇ પદ્ધતિ દ્વારા અધ્યયન કરવું વધુ પસંદ છે ?
  
  ૩. કયા પ્રકારનું અધ્યયન વિદ્યાર્થીઓના કાવ્યના પઠનના વિકાસમાં મદદરૂપ થઇ શકે?
  
  ૪. પ્રવૃતિ આધારિત અધ્યયન દ્વારા કાવ્યના સ્વરૂપોનો વિકાસ કરવામાં કેવી રીતે મદદરૂપ થશે.

### પ્રસ્તુત સંશોધનનું સીમાંકન :

કોઇપણ અભ્યાસ (સંશોધન) સર્વાંગ સંપૂર્ણ કયારેય બની શકે નહિ. કારણ કે સંશોધકે સ્થળ, સમય અને નાણાંની મર્યાદાઓને લક્ષમાં રાખીને સંશોધન કાર્ય હાથ ધરવું પડે છે. સંશોધકે હાથ ધરેલ પ્રસ્તુત વિષયનું સંશોધન ક્ષેત્ર અતિવિષ્ટ અને વિસ્તૃત છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ સ્થળ, સમય અને નાણાંકીય જેવી કેટલીક મર્યાદાઓને કારણે પ્રસ્તુત સંશોધનની કેટલીક સીમાઓ નકકી કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

- પ્રસ્તુત અભ્યાસ આણંદ જિલ્લાની માધ્યમિક શાળાઓ પૂરતું જ મર્યાદિત છે.
- પ્રસ્તુત અભ્યાસ આણંદ જિલ્લાની ગુજરાતી માધ્યમની શાળાઓ પૂરતું જ સીમિત છે.
- પ્રસ્તુત અભ્યાસ આણંદ જિલ્લાની ગુજરાતી શાળાનાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત છે.

## સંશોધન યોજના

સંશોધકે સંશોધનમાં પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરેલ હતો. જેમાં સંશોધકે સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલને ધ્યાનમાં રાખીને પ્રાયોગિક કાર્ય કર્યું હતું. તેમાં સંશોધકે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી પણ લીધી હતી.

**વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના નવસારી જિલ્લાના ધોરણ-૯ અંગ્રેજી માધ્યમના તમામ વિદ્યાર્થીઓને સંશોધનના વ્યાપવિશ્વ તરીકે લીધેલો છે.

**સંશોધનનો નમૂનો :**

નવસારી જિલ્લાની ટાટા હાઇસ્કૂલની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાને સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કરેલ હતી. તે શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૯ ના તમામ વિદ્યાર્થીઓને ઝૂમખા નમૂના પદ્ધતિ દ્વારા પ્રસ્તુત સંશોધન કાર્ય માટે પસંદ કરેલ હતા. પ્રસ્તુત અભ્યાસમાં નમૂના એ ધોરણ-૯ ના નવસારી જિલ્લાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ૨૫ વિદ્યાર્થીઓ હતાં.

**ઉપકરણની રચના અને પસંદગી :**

સંશોધક દ્વારા સિદ્ધિ કસોટી અને પ્રતિક્રિયા માપનનો ઉપયોગ ઉપકરણ તરીકે કરવામાં આવ્યો હતો. આ બંને ઉપકરણોની રચના કરવા માટે સંશોધકે ઉપયોગ કરેલ વિધિ નીચે મુજબ છે.

**માહિતી પૃથ્થકરણની પ્રવિધિ :**

સંશોધકે યોગ્ય આંકડાકીય પદ્ધતિઓના ઉપયાગ દ્વારા સિદ્ધિ કસોટીઓ અને પ્રતિક્રિયા માપન દ્વારા મેળવવામાં આવેલ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જે ઉપર કોષ્ટકમાં દર્શાવેલ છે.


| ઉદ્દેશ ક્રમાંક | ઉપકરણ | પૃથક્કરણની પદ્ધતિ |
|---|---|---|
| ૨ | સિદ્ધિ કસોટી | ટી-ગુણોત્તર અને માહિતી પૃથક્કરણ |
| ૩ | પ્રતિક્રિયા માપન | ટકાવારી વિશ્લેષણ |

ઊત્ક્લ્પના. ૦૧ માધ્યમિકશાળાના ગુજરાતી વિષયના વિધ્યાર્થીઓ પૂર્વ અને ઉત્તર કસોટી ના કાવ્ય અધ્યાપન કાર્યક્રમના પ્રાપ્તાંકોની સરાસરીમા સાર્થક તફાવત નહી હોય.

સારણી ૪.૧

| | N | Mean | SD | SEM | t |
|---|---|---|---|---|---|
| પૂર્વ | ૪૫ | ૭૬. | ૨૭૧. | ૦૫૪. | ૧૧૨૪. |
| ઉત્તર | ૪૫ | ૧૩ | ૨૩૪. | | |

Df: ૮૯ (૦.૦૧)=૨.૧૬ (૦.૦૫)=૧.૯૮




સારણી ૪.૧ મા દર્શાવ્યા મુજબ માધ્યમિકશાળાના ગુજરાતી વિષયના વિધ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરીનુ મુલ્ય ૧૧.૨૪ છે. જે (૦.૦૧) કક્ષાએ મળતા ત મૂલ્ય ૨ .૧૬ કરતા વધુ છે. મળેલ મૂલ્ય ૦ .૦૧ કક્ષાએ સાર્થક છે. અને ૦.૦૫ કક્ષાએ મળતા ત મૂલ્ય ૧ .૯૮ કરતા પણ વધુ છે. મળેલ મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. તેથી શૂન્ય ઉત્ક્લ્પના માધ્યમિકશાળાના ગુજરાતી વિષયના વિધ્યાર્થીઓ પૂર્વ અને ઉત્તર કસોટી ના કાવ્ય અધ્યાપન કાર્યક્રમના પ્રાપ્તાંકોની સરાસરીમા સાર્થક તફાવત નહી હોય અસ્વિકાર થાય છે . એટલે કે કાવ્ય આધારિત પ્રવુતિ કાર્યક્રમ વિધ્યાર્થીઓ ની ગુજરાતી કાવ્ય અધ્યયનમા અસરકારક છે.

## તારણો

૧. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓનો અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૨. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના છોકરાઓ અને છોકરીઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૩. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૪. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૫. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૬. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના છોકરાઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

૭. કાવ્ય અધ્યાપન કાર્યક્રમ માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની છોકરીઓના અધ્યયનમાં અસરકારક નિવડયો હતો.

## સંશોધનની ફલશ્રુતિ :

૧. વર્ગખંડમાં પ્રવૃત્તિ દ્વારા અધ્યાપન વિદ્યાર્થીઓને અધ્યયનમાં વધુ રસ ઉપજાવે છે.

૨. વિદ્યાર્થીને અભિવ્યકિતની વધુ તક આપવાથી પોતાની મૌલિકતાને વિકસાવી શકે છે.

૩. વિદ્યાર્થીઓને જૂથ અને જોડી કાર્ય દ્વારા અધ્યાપન કરવાથી વર્ગખંડમાં પ્રત્યેક વિદ્યાર્થીને અધ્યયન તત્પરતામાં વધારો થાય છે.

૪. વિષયવસ્તુને વિદ્યાર્થી કેન્દ્રી અને રોજિંદા જીવન સાથે સાંકળવાથી કાવ્યનું વધુ અસરકારક રીતે અધ્યાપન કરાવી શકાય છે.

૫. કાવ્ય આધારિત પ્રવૃત્તિ વિદ્યાર્થીઓની કલ્પના શકિત અને સર્જન શકિતને વિકસાવે છે.

૬. કાવ્યને ચર્ચા દ્વારા અર્થ સુધી પહોંચાડવાની પ્રયુકિત વિદ્યાર્થીઓને વિષયવસ્તુને લાંબાગાળા સુધી યાદ રાખવામાં મદદરૂપ થાય છે.

૭. કાવ્ય આધારિત પ્રવૃત્તિ દ્વારા અધ્યયન વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સાહજિક વાતાવરણ ઉપજાવે છે.

૮. પ્રવૃત્તિ આધારિત અધ્યાપન વિદ્યાર્થીઓને જ્ઞાન, કૌશલો અને વર્તન પરીવર્તનમાં મદદરૂપ થાય છે.

## સંદર્ભ સૂચિ :

૧. કોઠારી. જે, (૧૯૯૦), ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ (ચોથી આવૃત્તિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૨. ગુજરાત રાજયશાળા પાઠયપુસ્તક મંડળ (૨૦૧૬), ધોરણ-૯ ગાંધીનગર : ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ.

૩. પટેલ, એમ.ડી. અને અન્ય (૨૦૦૫), ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન (છઠ્ઠી આવૃત્તિ), અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન.